# પાઉલની જેમ નવા આગેવાનોને શિક્ષણ આપવું.

***ઈસુ અને તેના પ્રેરિતોએ કર્યું તેમ નવા આગેવાનોને કામ પર તાલિમ આપો.***

**બાળકોને શિખવનારે સ્ટડી E2b વાંચવો.**

**પ્રાર્થના :** 'વહાલા પ્રભુ, તમારૂં વચન લોકો સુધી લઈ જવા માટે અને તેમના આગેવાનોને તાલિમ આપીને તૈયાર કરવા માટે અમારી સહાય કરો.'



**સાંભળો !** સારો શિક્ષક પ્રથમ તેના તાલિમાર્થીની વાત સાંભળે છે કે તેની મંડળીની જરૂરિયાત શી છે. ત્યાર પછી માત્થી ૧૩ : ૫૨ પ્રમાણે સારો શીખવનાર (શાસ્ત્રી) પોતાના ભંડારમાંથી વિવિધ પાળકીય અભ્યાસક્રમો કે જે તાલિમાર્થીના ટોળાની જરૂરિયાત અને રીત રિવાજને સુસંગત હોય તે પ્રમાણે શિખવે છે.

**૧. તમારા હૃદયો અને મનો દેવના વચન પ્રમાણે તૈયાર કરો.**

પાઉલ તિતસ પાસે ક્રીત શહેર માટે શી ઈચ્છા રાખતો હતો તે **તિતસ ૧ : ૫** માંથી જુઓ.

*(જવાબ-દેરક શહેરની મંડળીમાં જે ખૂટતું હતું તેની ચોકસાઈ કરીને વડીલો ઠરાવવાની જરૂર હતી. પાઉલે ક્રીત છોડ્યા પહેલાં તિતસને તાલિમ આપી કે તે પણ બીજા રખેવાળ વડીલોને તાલિમ આપવા તૈયાર બને)*

**૨ કાળ ૧૭ : ૩ - ૯** વાંચો. દૂર દૂરના સ્થળો સુધી દેવના વચનનું શિક્ષણ આપવાનો સારો નમૂનો તેમાં છે.

- યહોશાફાટ રાજાએ ઉપદેશકોનું ગ્રુપ બનાવ્યું કે જે યહુદાહના નગરોમાં ફરીને નિયમશાસ્ત્રના શિક્ષણની ખામીને પૂરી કરે.
- આ ઉપદેશકો લોકોની પાસે ગયા, નહીં કે લોકો તેમની પાસે કોઈ સંસ્થામાં શિક્ષણ મેળવવા ગયા. આ રીત આજે પણ અપનાવી શકાય, જેથી વિશ્વાસીઓની ઘણી મંડળીઓ વિસ્તાર પામે.
- હાલના સમયમાં ખ્રિસ્તી આગેવાનો ને તૈયાર કરવાની બે પધ્ધતિઓ છે.
  ૧) ચીલાચાલુ કલાસરૂમમાં મોટા ગ્રુપોને શિક્ષણ આપવું.
  ૨) ઈસુ અને તેના પ્રેરિતોની જેમ નાના ગ્રુપો બનાવી વ્યક્તિગત કાળજી સાથે સઘન શિક્ષણ આપવું.
- પરિપક્વ કાર્યકરો હોય અને જે ચર્ચોને તાકીદની જરૂર ન હોય તેવી જગ્યાઓએ કલાસરૂમ પધ્ધતિનું શિક્ષણ અસરકારક બની શકે.
- નવી ઉભી થતી મંડળીઓ કે જ્યાં પુખ્ત વિશ્વાસીઓ હોતા નથી તેવી જગ્યાઓમાં પ્રભુ ઈસુ અને પ્રેરિતોએ જેમ કર્યું તેમ નવા આગેવાનોને તાલિમ આપીને તૈયાર કરવાની પધ્ધતિ અસરકારક બને છે.
- નવી ઉભી થતી મંડળી અને તેના આગેવાનોને તાજા જન્મેલા બાળક સાથે સરખાવી શકાય. તેમને તેમના કર્તા વધારે અનુભવી શિખવનારાઓની જરૂર છે. જેઓ તેમની જરૂરિયાત અને ખામી પ્રમાણે તેમને શિક્ષણ આપે.

પાઉલની શિક્ષણ સાંકળની ચાર કડીઓ **૨ તિમોથી ૨ : ૨** અનુસાર

૧) પહેલી કડી **પાઉલ** પોતે કે જેણે પત્રોમાં શિક્ષણ લખ્યું. તેને અંત્યોખની મંડળી દ્વારા મોકલવામાં આવ્યો હતો. (પ્રે.કૃ.૧૩:૧-૩)

૨) પછી **તિમોથી**, તેણે આ શિક્ષણ ગ્રહણ કર્યું અને એફેસસમાં બીજાઓને શિક્ષણ આપવા રહ્યો.

૩) ત્યાર પછી **વિશ્વાસુ માણસો** કે જેમણે એફેસસ અને આસપાસના વિસ્તારોના શહેરોમાં તિમોથી દ્વારા શિક્ષણ મેળવ્યું તેઓમાંનો એક એપાફ્રાસ હતો તેણે કોલોસેમાંના ટોળાની સંભાળ લીધી. (કોલો. ૪:૧૨-૧૩)

૪) છેલ્લી કડીમાં **અન્ય** બીજાઓ કે જેઓને એપાફ્રાસે હિયરાપોલીસમાં શિક્ષણ આપ્યું.

પુનઃવૃધ્ધિની આ સાંકળ ચાલુ રાખવા નવા કરારની માર્ગદર્શિકા :

- **મંડળીઓએ** પ્રેરિતોને મોકલવા જોઈએ કે જેઓ નવી મંડળીઓ ઉભી કરે. (પુત્રી મંડળીઓ) આ પ્રેરિતો એટલે મોકલાએલા. દેવે દરેક મંડળીને પ્રેરિતો આપવાનું વચન એફ. ૪:૧૧-૧૨ મુજબ આપ્યું છે.
- પાઉલે ૨ તિ. ૨:૨માં લખ્યા મુજબ એક **પાળકે** બીજા પાળકોને વિના વિલંબે તૈયાર કરવા જોઈએ.
- **શીખવનારાઓ** (ઉપદેશકો)
  - ૧) તેઓ જે જે શિખે તે તરત જ પોતાની મંડળીમાં તેમણે અમલમાં મૂકવાનું છે અને કોઈ તકની રાહ જોઈને બેસી રહેવાનું નથી. (યાકૂ. ૧:૨૨ ૨તિ.૨:૬,૭)
  - ૨) વડીલ બનાવવા માટે કેવળ નવા કરારની લાયકાતોનો જ આગ્રહ રાખવો. માનવીય નિયમો લાવવા નહિ કારણ કે તેનાથી દેવે જેને ખરેખર વડીલપદનું દાન આપ્યું હોય તેવા માણસો ગેરલાયક ઠરી શકે છે.
- **શીખનારાઓ** (પાળક થવા માટે શિક્ષણ લેનારાઓ)
  - ૧) ઉપદેશકો કે શિખવનારાઓ તેમને જે યોજનાઓ આપે તે તેમણે પોતાના ટોળામાં તરત જ અમલમાં મૂકવી.
  - ૨) નવા તાલિમાર્થીઓ તૈયાર કરતા જવું જેથી મંડળીનું વૃધ્ધિકાર્ય ચાલુ રહે. નવું કામ શરૂ કરવા માટે કાર્યકરોએ ચાલુ ટોળાને કાયમ ખાતે છોડવાની જરૂર નથી. પાઉલ અને બાર્નાબાસની માફક પ્રે. ૧૩ અને ૧૪ પ્રમાણે તેઓ પોતાની મૂળ મંડળીમાં પાછા આવી શકે.

**૨. અઠવાડીયા દરમ્યાન મંડળી શું કરશે તે વિષે સાથીદારો સાથે આયોજન**

- તમારી નજીકની કઈ મંડળીને દોરવણી ની જરૂર છે તેની તારવણી કાઢો તિતસે દરેક મંડળીની સંભાળ માટે વડીલોને નિયુક્ત કર્યા અને તેમને શિક્ષણ આપ્યું.
- જો આ ટોળાઓ માટે નવા આગેવાનોને કોઈ તાલિમ આપતું નથી તો પ્રાર્થના પૂર્વક નક્કી કરો કે કોણ તે કામ કરશે.
- જે લોકોને તમે કે અન્ય પાળકો તાલિમ આપશો તેમની સાથે વાત કરો. પાઉલની માફક સાંકળ ઉભી કરવા માટે તાલિમક્ષેત્ર ઉભુ કરો જેની આગળ જતાં કડીઓ વધતી જશે.
- નવા તાલિમાર્થીઓને તરત જ પોતાના કુટુંબ અને મિત્રોથી કાર્યની શરૂઆત કરી દેવાનું જણાવો.

**૩. આવનારી ભજનસેવાની પ્રવૃત્તિઓ માટે સાથીદારો સાથે આયોજન.**

ચાલુ જરૂરિયાતો અને સ્થાનિક રસમો મુજબની પ્રવૃત્તિઓ પસંદ કરો.

યહોશાફાટના શિક્ષકોની વાર્તા કહો અને ભાગ-૧ માં દર્શાવેલ મુદ્દાઓ જણાવો.

પાઉલે તિતસને ક્રીતમાં કેમ રાખ્યો અને તમારા ટોળાના ઉપદેશકો(શિક્ષકો) તિતસની માફક કેવું કાર્ય કરશે તે **જણાવો.**

અઠવાડીયા દરમ્યાનની પ્રવૃત્તિઓની **જાહેરાત કરો.**

**બાળકોએ** તૈયાર કરેલા ગીત, નાટક કે પ્રશ્નો રજુ કરવાની મંજુરી તેમને આપો.

બે કે ત્રણના જૂથમાં વિશ્વાસીઓ પ્રાર્થના કરે, પ્રવૃત્તિઓના આયોજનને પાકું કરે અને એકબીજાને ઉત્તેજન આપે.

૧ કો. ૧૧ : ૩૪ વાંચીને **પ્રભુની મેજ**ની સેવામાં જાઓ.

આ પ્રમાણે **સમજાવો.** કોરીંથના વિશ્વાસીઓ મેજમાં ભાગ લેતી વખતે ખોરાક કઈ લતા હતા. આમ તેનું આત્મિક પાસું સમજવાને બદલે દૈહિક જમણની ભાવના ઊભી થતી હતી. એ ઉદાહરણ ધ્યાનમાં લેતા આપણે પ્રભુની મજેમાં ભાગ લેતી વખતે પ્રભુનું સંપૂર્ણ માન જાળવવું જોઈએ.

પાઉલના નમૂના પ્રમાણે તાલિમની સેવા કરનાર ભાઈઓની સાક્ષીઓ, જો હોય તો સાંભળો.

**ગીત.**

વૈરી હાથ મસળે છે, ભ્રષ્ટ પ્રપંચો યોજે છે
કે શિક્ષકોના મનોને ભરમાવે અને સિક્ષણને આડે પાટે લઈ જાય
લુચ્ચા, અટ્ટાહાસ્ય સાથે તે બળતો ભાલો છોડે છે
જેનું નામ છે 'માનવીય જ્ઞાન'
પોતાને જ્ઞાની ધારનાર તેનાથી ઘાયલ થાય છે.

તિતસ ૧ : ૫ **મુખપાઠ કરો.**

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timothy.net.